

## ડીસામાં મધ્યાહન ભોજન સંચાલકોના કોરોના ટેસ્ટ

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં કોરોનાના વધતા જતા સંક્રમણને નાથવા તાલુકા આરોગ્ય અધિકારી ડો. જીગ્નેશ હરિયાણી દ્વારા સરકારની ગાઈડલાઈન મુજબ વધુને વધુ કોરોના ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બસ ડ્રાઈવરો અને કંડક્ટરો બાદ ગતરોજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા મધ્યાહન ભોજન યોજનાના સંચાલકોના એસ. સી. ડબ્લ્યુ, હાઈસ્કૂલ ખાતે કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં સંચાલકો હાજર રહી કોરોના ટેસ્ટ કરાવ્યો હતો.

# આત્મનિર્ભર લોન માટે સહકારી બેંકના પગથિયાં ઘસતા અરજદારો

### મોડાસામાં વેપારીએ મામલતદારને આવેદનપત્ર આપી આપવીતી જણાવી

મોડાસા, તા. ૭

લોકડાઉનમાં ધંધા રોજગાર બંધ હોવાથી સમાજના દરેક વર્ગની આર્થીક પરિસ્થિતિ કથળી ગઈ છે. સરકારે અનલોક ૧, ૨, ૩, ૪ જાહેર કર્યા પછી પણ મોટાભાગના ધંધા રોજગારોમાં મંદીની અસર જોવા મળી રહી છે ત્યારે અર્થ તંત્રને ફરીથી પાટા પર લાવવા માટે સરકારે બેંકો મારફતે આત્મનિર્ભર લોન આપવાની જાહેરાત કરી છે. જોકે આ લોન મેળવી સામાન્ય વ્યક્તિની પહોંચની બહાર છે. આ અંગે મોડાસાના રહિશ લાલાભાઈ જેથરા કલેકટરને સંબોધીને મોડાસા મામલતદારને આવેદનપત્ર આપી પોતાની વ્યથા જણાવી હતી. જેમાં શહેરના અન્ય નાના વેપારીઓ જોડાયા હતા.



અરજદારએ બેંકોના નામ સહિત જણાવ્યુ હતું કે સહાકરી બેંકોમાં લોનના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યા છે. જોકે બેંકો એ ફકત જુના લોન ધારકોને તેમની હાલ ચાલુ લોનમાં એક લાખની લોન એડજસ્ટ કરી સરકારની આંખમાં ધુળ નાંખવાની કોશીષ કરી છે જયારે નવા અરજદારો જે ખરેખર જરૂરતમંદ છે તેમને ફકત રૂ. ૨૫ હજારની લોન આપવામાં આવશે તેવુ રોકડું પરખાવામાં આવી રહ્યુ છે. અરજદારએ વધુમાં જણાવ્યુ હતું કે આ અંગે અમને જો ન્યાય નહિ મળે તો ન્યાય મેળવવા માટે અમે કોર્ટના દ્વાર ખખડાવીશું પરંતુ અમો ન્યાય લઈને જ જંપીશુ. આ લડત અમારી એકલાની નથી પરંતુ સેકડો બે રોજગારો જેમને સરકારની જાહેરાતથી રોજગારીને આશા જાગી હતી તેમના માટે છે.

## અંબાજી - આબુરોડ નજીકની સિયાવા નદીમાં યુવક ડૂબ્યો

બનાસકાંઠા જીલ્લાના અંબાજી-આબુરોડ નજીકની સિયાવા નદીમાં મહેસાણાના બે યુવકનો ન્હાવા પડ્યા હતા. ભારે વરસાદને પગલે આ નદીમાં પાણી આવ્યુ હોઈ બે યુવકોમાંથી એક યુવક પાણીમાં તણાયો હતો. આ દરમ્યાન આબુરોડના ગુરૂનાનક ચોકમાં રહેતાં ત્રણ શીખ મિત્રો પરિવાર સાથે પિકનિક મનાવવા આવ્યા હોઈ તેમને બનાવની જાણ થઈ હતી. જેથી ત્રણેય યુવકોએ પોતાની પાઘડીની રસ્સી બનાવી અને આ યુવકને ડુબતો બચાવ્યો હતો. કોરોના મહામારી વચ્ચે વરસાદ આવતાં બનાસકાંઠામાં નદી-નાળા છલકાયા છે. આ તરફ આજે અંબાજી-આબુરોડની સિયાવા નદીમો બે યુવકનો ન્હાવા પડ્યા બાદ એક યુવક તણાયો હોવાની ઘટના સામે આવી છે. જોકે સદનસીબે પર્યટક શીખ યુવકોએ પોતાની પાઘડી વડે રસ્સી બનાવી યુવકને બચાવી લેતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# શામળાજી પાસે આવેલા ગામ જાબચિતરીયાથી સોનાસણ કોઝવે ધોવાતા ૧૦૦ ઘરોના લોકોને હાલાકી

જાબચિતરીયા ગામેથી સોનાસણ ગામ જતા રસ્તામાં વાંધા ઉપર બનાવાયેલા કોજવે ધોવાઈ જતા રસ્તો બંધ રસ્તો બંધ થતાં જ સોનાસણ ના કોઝવે બનાવેલ છે આ કોઝવે ચોમાસામાં ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ઉપર થઈને પાણી વહી જતાં તૂટી ગયો છે જેના કારણે આ કેટલાક



ગામના ૧૦૦ ઘરોના લોકો ને હાલાકી ભોગવી રહ્યા છે હાલ સોનાસણ ગામ વાહન લઈને જવાતું નથી માત્ર પગે ચાલીને જઈ શકાય છે ત્યારે વાહનની અવરજવર બંધ થઈ જતા ગ્રામજનો છેલ્લા અરવલ્લી જિલ્લાના ચોમાસા વરસાદ બાદ ભિલોડા તાલુકામાં આવેલા જાબચિતરીયા થી સોનાસન જવાના રસ્તામાં આવતા વાઘા ઉપર દિવસોથી ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે વાહનો નહીં જઈ શકવાના કારણે માંદગીના સમયે પણ દર્દીને ઝોળીમાં નાખી લઈ જવું પડી રહ્યું છે.

ગામના સરપંચ સુરેશભાઈનીનામા પણ આ મામલે જિલ્લા વહીવટીતંત્રને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી ન હલતા ગ્રામજનો મુશ્કેલી સહન કરવાનો વારો આવ્યો છે.

### અરવલ્લી કોંગ્રેસે સી.આર. પાટીલના કાર્યક્રમમાં

# સોશિયલ ડિસ્ટન્સનું ઉલ્લંઘન થતા એસપીને આવેદનપત્ર આપવામાં જતા કોંગ્રેસે પણ એ જ કર્યું

હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે. સરકાર અને વહીવટી પ્રશાસનતંત્ર સલાહ સૂચનો આપી કોરોના સામેની લડાઈ લડી રહી છે. પરતું સત્તાધારી પક્ષ હોય કે વિપક્ષમાં હોય એ તમામ રાજકીય પાર્ટીઓના અગ્રણીઓ અને કાર્યકરો કોરોનાને લઈને કેટલાક સજાગ છે ? તે છેલ્લા સપ્તાહમાં અરવલ્લી જિલ્લાવાસીઓને ખ્યાલ આવી ગયો છે. શનિવારે સાંજે મોડાસાના કોલેજ કેમ્પસમાં આવેલા ભામાશા હોલમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલનો અભિવાદન સમારોહ યોજાયો હતો તેમાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટતા સરકારે કોરોનાની વૈશ્વિક મહામારીને લઈને બહાર પાડેલી ગાઈડલાઈનનો સારેઆમ ઉલાળીયો થતા જીલ્લા કોંગ્રેસ સમિતિએ એસપી સંજય ખરાતને આવેદનપત્ર આપી સી.આર. પાટીલના કાર્યક્રમની મંજૂરી મેળવી હતી કે નહિ અને મંજૂરી ન લીધી હોય તો કાયદેસરના પગલાં ભરવાની માંગ કરી હતી. આવેદનપત્ર આપતા સમયે ખુદ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનું ભૂલી ગઈ હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જીલ્લાના રોડ રસ્તાની ખખડધજ હાલત અંગે પણ રજુઆત કરી હતી.

અરવલ્લી કોંગ્રેસ જીલ્લા પોલીસવડા સંજય ખરાતને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટિલના કાર્યક્રમમાં ૫૦૦ જેટલા લોકો હોલમાં એકઠા થયા હતા જેમાં સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ અને માસ્ક વગર જોવા મળ્યા હતા અને કોરોના વાયરસનું સંક્રમણ



વધવાની ભીતિ સેવી હતી મંજૂરી વગર કાર્યક્રમ યોજાયો હોય તો કાર્યક્રમ યોજનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં માંગ કરી હતી, તદુપરાંત જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો બિસ્માર હાલત થઈ છે જવાબદાર તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર ધ્યાને લેતું નથી ખરાબ રોડ-રસ્તાથી અકસ્માતની ઘટનામાં અનેક લોકો જીવ ગુમાવવો પડી રહ્યો છે અકસ્માતમાં લોકોના જીવ બચે અને રોડ રસ્તાનું સમારકામ થાય તે અંગે જે તે જવાબદાર તંત્ર સામે આપના તરફથી આદેશ થાય તેવી આપેક્ષા રાખી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ ચંદ્રકાન્ત પાટીલ અરવલ્લીના પ્રવાસ દરમિયાન ઉન્માદમાં આવી ગયેલ કાર્યકરોએ પણ અનેક સ્થળોએ સામાજિક અંતરના ધજીયા ઉડાવ્યા હતા. કોંગ્રેસના કાર્યક્રમોમાં પણ એજ હાલત જોવા મળતી હોય છે ત્યારે સવાલ એ થાય છે કે માસ્ક અને સામાજિક અંતરના નિયમો માત્ર સામાન્ય નાગરિકોએ જ પાળવાના ? રાજકીય પાર્ટીના નેતાઓ કે કાર્યકરોની કોઈ જવાબદારી નહી ? કોઈ ક્રિકેટર કે રાજકારણી માસ્ક કે સામાજિક અંતરનો ઉલાળિયો કરે તો તેને બાઈજ્જત બરી કરી દેવાનો ? આ જ આપણી સામાજિક વ્યવસ્થા છે ? એ મુદાઓ પણ ચર્ચાનો વિષય બન્યા છે.

## પ્રાંતિજ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખનું માર્ગ અકસ્માત બાદ સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મામરોલી ગામના વતની અને પ્રાંતિજ તાલુકા



પ્રાથમિક શિક્ષક સંધના પ્રમુખ દિલીપભાઈ ગાડાભાઈ પટેલનું અકસ્માત બાદ સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

પ્રાંતિજના મામરોલીના વતની અને પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંધના પ્રમુખ દિલીપભાઈ ગાંડાભાઈ પટેલ કે જેવો પોતાની કાર લઈને તા.૬-૯-૨૦૨૦ના રોજ તલોદના હરસોલથી અમદાવાદ હાઈવે તાજપુરથી રોઝડ વચ્ચે કાર લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન તેમની કાર અને અન્ય એક કાર વચ્ચે જીવલેણ અકસ્માત સર્જાયો હતો જેમાં સામે કારમાં સવાર મોડાસાના યુવાન પ્રણય ચૌધરીનું ઘટનાસ્થળે અકસ્માતમાં મોત નિપજયું હતું. દિલીપભાઈ પટેલને પગે થતા શરીરે જીવલેણ ઈજાઓ પહોચતા તેમણે સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં તેવોનુ પણ સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. તેવોના મોતના સમાચારને લઈને પરિવાર સહિત પ્રાંતિજ તાલુકા શિક્ષક જગતમાં તથા ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

# બાયડ-ધનસુરા રોડ પર વહેલી સવારે હિટ એન્ડ રનની ઘટના સામે આવી

### પોતાની ભૂલ છુપાવવા માટે લોકો પર રોપ જમાવતી પોલીસ સામે સ્થાનિક લોકોએ ફિટકાર વરસાવ્યો : દૂધ લેવા જઈ રહેલી મહિલાને ટ્રકે ટક્કર મારતા ઘટના સ્થળે જ મોત

બાયડ, તા. ૭

બાયડ-ધનસુરા રોડ પર વહેલી સવારે હિટ એન્ડ

ફરાર થઈ ગયો હતો. ટ્રકની ટક્કરથી મહિલાનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત

લોકોના ટોળા ઘટના સ્થળ પર ઉમટી પડ્યા હતા. પરિવારજનોમાં ભારે આક્રંદ



રનની ઘટના સામે આવી હતી. વહેલી સવારે દૂધ લેવા જઈ રહેલી મહિલાને ટ્રક ચાલક ટક્કર મારી ટ્રક લઈ

નીપજ્યું હતું. બાયડના કસ્બા વિસ્તારમાં રહેતા શહેનાઝબાનુ રસીદભાઈ ચૌહાણ નામની મહિલા સવારે દૂધ લેવા નીકળી હતી તે દરમ્યાન બાયડ નગરમાંથી પસાર થતા મોડાસા-નડિયાદ હાઈવે પર બાયડની કસ્બા વિસ્તારની મહિલાનું અકસ્માતમાં મોત નીપજ્યું હોવાના સમાચાર નગરમાં વહેતા થતા મોટી સંખ્યામાં

જોવા મળી રહ્યું હતું. હાઈવે પર રાત દિવસ ભારે વાહનોની અવરજવર ધમધમતી હોવા છતાં જરૂરિયાતવાળી જગ્યાએ સ્પીડ બ્રેકર મુકવામાં ન આવતા હોવાથી માર્ગ અને મકાન વિભાગ સામે નગરજનોમાં રોષ ફેલાયો છે. સમગ્ર મામલે ઘટનાની જાણ થતાં બાયડ પોલીસે ગુનો નોંધી ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

# સાબરકાંઠામાં ભાજપ બાદ કોંગ્રેસમાં ચૂંટણીનો ધમધમાટ

હિંમતનગર, તા. ૭

ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થવાની તૈયારીમાં છે ત્યારે બે દિવસ અગાઉ ભાજપના કાર્યકરો પૂર્વ અને વર્તમાન હોદ્દેદારોને બોલાવાયા હતા.

આ અંગે કોંગ્રેસના અંતરંગ વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ સોમવારે હિંમતનગરના તસીયા રોડ પર આવેલ એક સ્કૂલમાં મુખ્ય આગેવાનો તથા કાર્યકરોની

વિજયી બનાવવા માટે કાર્યકરોને એકજુટ બની કામે લાગી જવા અનુરોધ કરાયો હતો.

કોંગ્રેસની આ અગત્યની મીટીંગમાં ધારાસભ્ય અશ્વિન કોટવાલ, કોંગ્રેસના પૂર્વ જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ,



તથા અગ્રણીઓને માર્ગદર્શન આપવા માટે ભાજપના પ્રદેશ પ્રમુખે સાબરકાંઠાનો પ્રવાસ કરી વ્યુહરચના અંગે કાર્યકરોને માર્ગદર્શન આપ્યુ હતુ. તેના પગલે સોમવારે હિંમતનગર ખાતે કોંગ્રેસના અગ્રણીઓની પણ ચૂંટણીના મુદ્દાને ધ્યાનમાં રાખી વિચારવિમર્શ કરવા અગત્યની મીટીંગનું આયોજન કરાયુ હતુ. જેમાં મીટીંગ યોજાઈ હતી. જેમાં આગામી સમયમાં યોજાનાર તાલુકા અને જિલ્લા પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણીઓના ભાગરૂપે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પક્ષના અગ્રણીઓએ જુથવાદને કોરાણે મુકી સાથે મળી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં જિલ્લા પંચાયતની જેમ આ વખતે તમામ તાલુકા પંચાયતોમાં તથા નગરપાલિકાઓમાં કોંગ્રેસને

વર્તમાન પ્રમુખ મણીભાઈ પટેલ, ગોપાલસિંહ રાઠોડ, ડૉ. વિપુલ પટેલ, ગત વિધાનસભાની ચૂંટણીમાં ઉભા રહેલા કોંગ્રેસના અગ્રણી કમલેશભાઈ પટેલ, પ્રિયવદન પટેલ, અશોકભાઈ પટેલ તથા યુસુફભાઈ બચ્ચા સહિત કોંગ્રેસના પાયાના કાર્યકરોએ ચૂંટણીઓ સંદર્ભે પક્ષને મજબુત બનાવવા માટે અનુરૂપ સુચનો કર્યા હતા.



## વાત્રકગઢ પ્રાથમિક શાળાના શિક્ષકનું શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન

અરવલ્લી જિલ્લામાં જીલ્લાકક્ષાએ અને તાલુકાકક્ષાએ શ્રેષ્ઠ આવેલા શિક્ષકો માટે પારિતોષિક વિતરણ સમારોહ તા. ૫મી સપ્ટેમ્બરે શ્રીમતી સી.કે. શાહ, સભાખંડ સી. જી. બુટાલા, સર્વોદય હાઈસ્કૂલ કેમ્પસ, મોડાસા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બાયડ તાલુકાની વાત્રકગઢ પ્રાથમિક શાળાના ઉપશિક્ષક પંકજભાઈ બાબુભાઈ બારોટને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

### અજવાળું અજવાળું • ચોથા પાનાનું ચાલુ

આજીવન શિક્ષક, શ્રીમદ્ ભગવદ ગીતાના પ્રખર વક્તા અને હિમાયતી, ચિંતક, ભૂદાન અને ગ્રામદાન યજ્ઞના પ્રણેતા વિનોબા ભાવેના જીવન - કવનને વાંચીએ ત્યારે એમના સદ્‌ગુણોના અજવાળા આપણા ચિત્તમાં પણ ફેલાય છે ને એમણે પ્રબોધેલા માર્ગે જીવન જીવવાની પ્રેરણા મળે છે.

# ઉપરવાસમાં સારા વરસાદને પગલે હાથમતી નદીમાં ૧૧૪૦ ક્યુસેક પાણી છોડાયુ

હિંમતનગર, તા. ૭

હિંમતનગર તાલુકાના માંકડી ગામ નજીક હાથમતી અને ઈન્દ્રાસી ડેમ તેના ઉપરવાસમાં આ વર્ષે પડેલા સારા વરસાદને લઈને બંને ડેમના પાછળના ભાગે વહી રહ્યું છે. તેમ છતાં સિંચાઈ વિભાગના ડેમ સાઈટના અધિકારીઓ પરિસ્થિતિ પર રાઉન્ડ ધ ક્લોક નજર રાખી રહ્યા છે.

છતાં પાણી વધુ હોવાથી મહેતાપુરા પાસેનો તથા ભોલેશ્વર પાસેની નદીમાં પાણીનો પ્રવાહ વધતા અત્યારે બંને સ્થળે આવેલા બેઠાપુલ પર થઈને પાણી વહી રહ્યુ છે. વિશ્વસનિય



ડેમ છલોછલ ભરાઈ ગયા છે. તેમ છતાં પાણીની આવક ચાલુ રહેતા હિંમતનગર પાસેની હાથમતી નદીમાં સોમવારે ૧૧૪૦ ક્યુસેક પાણી વહેતા મહેતાપુરા અને ભોલેશ્વર પાસેનો બેઠા પુલ પર થઈને પાણી વહી રહ્યુ છે.

માંકડી ગામ નજીક સિંચાઈ વિભાગ દ્વારા બનાવાયેલ હાથમતી અને ઈન્દ્રાસી નદી પરનો ડેમ આ વર્ષે તેના કેચમેન્ટ એરીયામાં પડેલા સારા વરસાદનો લઈનો ડેમ છલોછલ ભરાઈ ગયો છે. સિંચાઈ વિભાગના જણાવાયા મુજબ અત્યારે ડેમની સપાટી ૧૪૯.૪૧૮૭ છે ત્યારે રવિવારે તેના કેચમેન્ટ એરીયામાં પડેલા વરસાદને લઈને પાણીની આવક વધી છે. જોકે માંકડી ડેમ અનગેટેડ હોવાને કારણે વધારાનું પાણીનો સંગ્રહ થઈ શકતો નથી જેથી આ વધારાનું પાણી વેસ્ટવિયર મારફતે દરમિયાન સોમવારે વહેલી સવારે નદીમાં અંદાજે ૧૧૪૦ ક્યુસેક પાણી વહી રહ્યું હોવાને કારણે તે પૈકીનો ૫૦૦ ક્યુસેક પાણીનો જથ્થો કેનાલમાં નંખાયો છે. તેમ સૂત્રોના જણાવાયા મુજબ લગભગ એક અઠવાડીયાથી વધુ હાથમતી નદીમાં જે પાણી વહી રહ્યુ છે તેના લીધે આ વર્ષે નદીકાંઠાના ગામોને અચુક ફાયદો થશે.

# મસોતાની યુવતીને ત્રાસ આપી કાઢી મુકતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

વિજયનગર તાલુકાના મસોતા ગામની એક યુવતીને છેલ્લા દોઢ વર્ષથી તેણીના પતિ તથા સાસુ, સસરા તથા ઘરકામ બાબતે ઝઘડા કરી શારિરીક અને માનસિક ત્રાસ આપી ઘરેથી કાઢી મુકતા યુવતીએ રવિવારે પતિ, સાસુ અને સસરા વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. રેણુકાબેન બ્રિજેશભાઈ તબિયાડે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેણીના લગ્ન ભિલોડા તાલુકાના રામપુરી ગામના બ્રિજેશભાઈ સુખલાલજી તબિયાડ સાથે દોઢ વર્ષ અગાઉ કરાયા બાદ તેણીના પતિ તથા સસરા સુખલાલજી લાલજીભાઈ તબિયાડ અને સાસુ રમીલાબેન તબિયાડ દ્વારા ઘરકામ બાબતે નાની નાની વાતમાં ઝગડો કરી ધમકી આપવામાં આવતી હતી. મારઝુડ કરી ગાળો બોલી તને રાખવાની નથી તેમ કહી રામપુરી ગામેથી કાઢી મુકવામાં આવી હતી. ત્યારબાદ રેણુકાબેન મસોતા ખાતે પિયરમાં આવ્યા બાદ પતિ, સાસુ અને સસરા વિરૂદ્ધ રવિવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.